અપીલ અરજી નં.૧૪૩ તા.૨૭–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૪–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં .(૧) સ્વીટ વોટર ૧૪૩/૪૪ અવધુતધામ સોસા. પરવતપાટીયા ડુંભાલની પાછળ પ્લોટ નં.૧૩૯ થી ૧૪૨ ૫૨ થયેલ બાંધકામમાં હાલમાં કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ કે રેસીડેન્સીયલ વપરાશ થાય છે કે તેની વિગત આપવા.વિ. મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૪૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૪–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં .(૧) સ્વીટ વોટર ૧૪૩/૪૪ અવધુતધામ સોસા. પરવતપાટીયા ડુંભાલની પાછળ પ્લોટ નં.૧૩૯ થી ૧૪૨ ૫૨ થયેલ બાંધકામમાં હાલમાં કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ કે રેસીડેન્સીયલ વપરાશ થાય છે કે તેની વિગત આપવા.વિ. મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૮૧૯ તા. ૧૦–૬–૧૧થી આપેલ માહિતી મુદ્દા નં. ૩ની માહિતી નથી અને મુદ્દા નં. ૪માં આકારણી અહેવાલની નકલ આપી નથી. એવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ઉપલબ્ધ દફતરી હકીકતની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૨ તા.૬–૭–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેઓને પાર્ટીસ્ટેટસ મળ્યા બાદ શું નારાજગી છે. તે રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૫–૧૧ ની અરજીથી અવધુતધામ સોસા. પરવત પાટીયા ડુંભાલમાં ચાલતી પાણીની સંસ્થાઓનો વેપાર કરતી સંસ્થાઓ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને લીંબાયતઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૮૧૯ તા.૧૦–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. જે બાબતે મળેલી માહિતીના પ્રતિભાવ થી નારાજ થઈ મુદ્દા નં.૩ ની માહિતી મળી નથી તથા મુદ્દા નં.૪ માં આકારણી અહેવાલની નકલ નથી તેવી રજૂઆત કરી તા.૨૭–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં. (૧) સ્વીટ વોટર ૧૪૩/૪૪ અવધુતધામ સોસા. પરવતપાટીયા ડુંભાલની પાછળ પ્લોટ નં.૧૩૯ થી ૧૪૨ ૫૨ થયેલ બાંધકામમાં હાલમાં કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ કે રેસીડેન્સીયલ વપરાશ થાય છે કે તેની વિગત આપવા. મુદ્દા નં.(૨) આ બાંધકામમાં જે વપરાશ થતો હોય તે વપરાશ બદલ આપવામાં આવેલ આરોગ્ય,ફુડ, ગુમાસ્તાધારાના લાયસન્સ છે આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લોટ નં.૧૩૯ થી ૧૪૨ અવધુતધામ સોસા. પરવતપાટીયા , ડુંભાલમાં લીંબાયતઝોન તરફથી આરોગ્ય વિભાગનો કોઈ પરવાનો આપવામાં આવેલ નથી ફુડ લાયસન્સ અંગે અરજદારની અરજી ડે.કમિ. (હે અને હો) પ્રતિ આ.નં.૬૮૯ તા.૧–૬–૧૧ મુજબ તબદીલ કરવામાં આવેલ છે. તેમજ ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રની નકલ પાના નંગ–૨૨ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ આ સોસા. રેસીડેન્સીયલ, કોમર્શીયલ, ઈન્ડસ્ટ્રીયલ છે તેની માહિતી આપશો. જો રેસીડેન્સીયલ હોય તો આ સોસા.ના સદર પ્લોટ ૫૨ હાલમાં જે વપરાશ થાય છે તે અંગેના વપરાશ બદલ આપના વિભાગમાં થયેલ હેતુફેરના પત્રની નકલ આપશો. મુદ્દા નં.૪ સદર પ્લોટ ૫૨ બાંધકામ ૫૨ ચાલતા વપરાશમાં આકારણી વિભાગ ધ્વારા થયેલ આકારણી અહેવાલ રીપોર્ટની નકલ આપશો. તથા છેલ્લા ત્રણ વર્ષમાં આ મિલ્કતધારકને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વેરાબીલની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧,૩ અને ૪ બાબતે અવધુત સોસા. પ્લોટ નં.૧૩૯ થી ૧૪૨ ઉપર થયેલ બાંધકામ બાબતે આકારણી દફતરે કોમર્શીયલ તરીકે દાખલ છે તેમજ છેલ્લા ત્રણ વર્ષમાં વેરાબીલની માંગણી કરેલ છે જે બાબતે જણાવેલ છે કે ડુપ્લીકેટ વેરાબીલ ઈસ્યુ કરવામાં આવતા નથી જેથી છેલ્લા ત્રણ વર્ષના વેરાબીલના પાર્ટીસ્ટેટસ ૧ થી ૨૦/૨૧ ની વિગતો મોકલી

આપવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલી માહિતી બાબતે અરજદારે મુદ્દા નં.૩ ની માહિતી મળી નથી તથા મુદ્દા નં.૪ માં આકારણી અહેવાલની નકલ મળી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી અરજદારને પાર્ટી સ્ટેટસ મળ્યા બાદ શું બાબતે નારાજગી છે તે રજૂ કરવા જણાવેલ પરંતુ અરજદારની તરફથી તેવી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. આમ અરજદારને આકારણી દફતરે કોમર્શીયલ તરીકે દાખલની દફતરી નકલો–પાર્ટી સ્ટેટસ પૂરી પડાયેલ જણાતી નથી તેમજ મુદ્દા નં.૩ માં વપરાશ હેતુફેર અંગે મિલ્કતદારની અરજી બાબતેની દફતરી ઉપલબ્ધ વિગત અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અને મુદ્દા નં.૪ ની અંશતઃ ઉપરોકત હકીકતમાં જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મિલ્કત દાખલની દફતરી નકલો કે પાર્ટી સ્ટેટસ તથા મુદ્દા નં.૪ અંગે હેતુફેર અંગેના જાહેર સ્ત્રોત હેઠળની નકલોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે જાંગીડ,